GJSK180003702026

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| નોધ્યા તારીખ | : | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો : | | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૪ |

**ઇડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (એમ.વાય.રાધનપુરવાલા) ની કોર્ટમા**
**મુકામ–ઇડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૬૩/૨૦૨૬**
**આંક : ૭**

**અરજદાર :** મોનારામ ઉર્ફે મોહન પ્રભુજી ભુરાજી રબારી,
ઉ.આ.વ.૨૬,
રહે.ડૈયા રબારી ઢાણી, તા.ઝાડોલ, જી.ઉદેપુર
રાજસ્થાન

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : આર.એસ.દેવડા**
**સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી : એસ.કે.પરમાર**

## **// ચુકાદો //**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૫૨૫૦૮૨૪/૨૦૨૫, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મુકત થવા હાલની અરજી કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર.ની ખરી નકલ તેમજ જામીન અરજી અને તે લગતના હુકમ ની નકલ રજુ કરેલ છે. તેમજ ફો.પ.અ.નં.૧/૨૬ અને ૫૧/૨૦૨૬ ના હુકમની ઓનલાઇન કોપી રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પરમાર આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી દેવડાએ તેઓના અરજીના સમર્થમા દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદના કામે પોલીસે અરજદારને તારીખ ૧૨/૩/૨૬ ના રોજ અટક કરી વિજયનગર કોર્ટમા રજુ કરતાં અરજદારને જયુડીશીયલ કસ્ટડીમા મોકલી આપવાનો હુકમ કરેલ છે. અરજદારે જામીન અરજી રજુ કરેલ જે નામંજુર થયેલ છે. અરજદારને ખોટી રીતે સંડોવવામા આવેલ છે, તેઓ તદન નિર્દોષ છે અને ગુના વિશે કઇ જાણતા નથી. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી અને તેમની પાસેથી કોઇ ગુનાહીત મુદામાલ મળી આવેલ નથી, તેઓ મજુરી કરી કુટુંબનુ ગુજરાન ચલાવે છે અને આજીવીકાનો આધાર અરજદારના શીરે છે. તેઓ નાસીભાગી જાય તેવા નથી અને અરજીના સરનામેના કાયમી રહેવાસી છે અને સ્થાવર તેમજ જંગમ મીલકત ધરાવે છે. તેમજ પોલીસ તપાસના સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાતરી આપે છે અને ટ્રાયલ દરમ્યાન નિયમીત કોર્ટમા હાજર રહેશે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવે તો તેઓ નામદાર કોર્ટ

ફરમાવે તેટલી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે અને શરતોનુ પાલન કરવા ખુશી છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની દલીલમાં અરજદારની અરજીના વિરુધ્ધમા તપાસ કરનારે કરેલ સોગંદનામાની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તેમના કબજાની હુન્ડાઇ આઇ–૨૦ કાર નંબર જી.જે.ર.ડી.એ.૩૬૧૪ મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ/બીયરની અલગ અલગ બ્રાન્ડ ની કુલ પેટી–૩ર કિંમત રૂા.ર,૬૮,૩ર૦/–, વાહન કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.પ,૬૮,૩ર૦/– વાહન મુકી અંધારાનો લાભ લઇ નાસી જઇ તેમજ અરજદાર/આરોપીએ મુદામાલ ભરી આપી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(પ) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી દેવડાની રજુઆત, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટ, એફ.આઇ.આર. તેમજ તપાસના કાગળો લક્ષમાં લીધા. અરજદાર/ આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬પએઇ મુજબના ગુનાનો આક્ષેપ છે અને સદર ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડી.મેજી.શ્રીને છે. મુદામાલ રીકવર થઇ ગયેલ છે. તેમજ એફીડેવીટ ધ્યાને લેતાં અરજદાર/આરોપી વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમા અન્ય બે ગુનાઓ નોંધાયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તે ગુનાઓના કામે અરજદાર/આરોપીને સજા થયેલ હોવા બાબતે કોઇ જ હકીકત જણાવેલ નથી. તેમજ અરજદાર વિજયનગર તાલુકાના રહીશ છે જેથી નાસીભાગી જાય તેમ જણાઇ આવતુ નથી. તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની ખાતરી આપે છે. આ તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી કેટલીક શરતો આધીન મંજુર કરવામા આવે તો ત.ક.અમલદારે સેવેલ ભયસ્થાનો નિવારી શકાય તેમજ જામીન અરજીના નિર્ણય સંદર્ભે ની મહત્વની બાબતો જોતાં અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલી વિવેકાધીન સત્તા વાપરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ઘણા બધા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક

મહત્વના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે પૈકી **નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ૨૦૧૨, જીએલએચ–૯૩** પરના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અને તેના હાર્દને તથા તેમાના અવલોકનોને ધ્યાને લેતા, અરજદાર/આરોપી સામેના ગુનાની સજાની જોગવાઇ અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને યોગ્ય રકમના અને શરતો પણ જામીન મુકત કરવા ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**/// હુકમ ///**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી મોનારામ ઉર્ફે મોહન પ્રભુજી ભુરાજી રબારી, રહે.ડૈયા રબારી ઢાણી, તા.ઝાડોલ, જી.ઉદેપુર, રાજસ્થાનનાઓએ વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૫૨૫૦૮૨૪/૨૦૨૫, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ મુજબના ગુનાના કામે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા ) ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી અને કામચલાઉ રહેઠાણનું સરનામુ પુરૂ પાડવુ અને તેમા કોઇ બદલાવ થાય તો તેની જાણ ટ્રાયલ કોર્ટને તથા ત.ક.અ. ને કરવી.

(૨) હાલના કામે તપાસ પુર્ણ થઇને ચાર્જશીટ દાખલ થતાં સુધી હાલના અરજદાર/આરોપી એ દરેક અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમા સવારના ૧૦.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ત.ક.અમલદાર સમક્ષ સબંધીત પોલીસ સ્ટેશનમા હાજરી પુરાવવી.

(૩) અરજદાર/ આરોપીએ પોતાનો મોબાઇલ નંબર ટ્રાયલ કોર્ટને તથા તપાસ કરનાર અધિકારીને આપવો તથા જયારે પણ મોબાઇલ નંબર બદલવામા આવે ત્યારે તુરત જ તેની કોર્ટને તથા સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

(૪) જો અરજદાર/આરોપી પાસે કોઇ પાસપોર્ટ હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો તથા તે કોર્ટની પરવાનગી સિવાયભારત દેશની હદ છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીએ જામીન સબંધિત કોર્ટમા આપવા.

(૬) આ હુકમની યાદી સબંધીત કોર્ટ/પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી તેમજ એક નકલ સબંધીત જેલ સુપ્રિ.શ્રીને મેઇલ ધ્વારા મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ : ૩૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ઇડર

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬

( એમ.વાય.રાધનપુરવાલા)
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઇડર
જજ કોડ જીજે૦૦૭૩૪

***BYT**